# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૦ તા.૨૨-૯ -૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

**વિષયઃ-તા.૨૫/૦૯/૨૦૧૭ થી તા. ૦૨/૧૦/૨૦૧૭ ખાદી સપ્તાહની ઉજવણી બાબત.**
**સંદર્ભઃ-ક્રમાંકઃ પ્રાશિનિ / ખાદી ઉજવણી / ૧૭-૧૮ / ૮૪૩૭-૯૦ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર. તા. ૨૧/૦૯/૨૦૧૭**

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્ત્વે જણાવવાનું કે ગુજરાત રાજયના માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા દ્વારા ખાદીને પ્રોત્સાહન આપવા માટે તા. ૨૫, સપ્ટેમ્બરના રોજ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીના જન્મ દિવસથી શરૂ કરીને તા. ૨,ઓક્ટોબરના રોજ પૂજય મહાત્માગાંધીના જન્મ દિવસ સુધી એટલે કે તા. ૨૫/૦૯/૨૦૧૭ થી તા. ૦૨/૧૦/૨૦૧૭ સુધીના દિવસોને **"ખાદી સપ્તાહ"** તરીકે ઉજવવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. પર્ણાવરણની રીતે વધુ અનુકુળ એવા કાપડના વપરાશ દ્વારા દેશનાં ખાદીવણાટ સાથે જોડાયેલ દેશબંધુઓને તેમની રોજગારીની મહત્તમ તક મળે તે માટે સહભાગી થઈ શકાય તેવા શુભ હેતુથી તમામ પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ અને તેમના પરિવારજનો ખાદીનો પોશાક/કપડાની ખરીદી કરી ઉમદા કાર્યમાં સહભાગી બને તથા ગાંધીજીના રચનાત્મક કાર્યો અને વિચારો સાથે દેશના ખાદીકામ સાથે સંકળાયેલ કામદારોના હિતાર્થે આપનો સહયોગ જરૂરી છે. શાળામાં સપ્તાહ દરમ્યાન એક દિવસ કર્મચારીઓએ ખાદીનો પોશાક અવશ્ય પહેરવાનો આગ્રહ રાખવો.

તા.૨૨-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી